# ધર્મપર્વ કે જ્ઞાનપર્વ

## [ ૧૩ ]

પર્યુષણ એ જૈનોનો જાણીતો અને જૂનો ધર્મ-તહેવાર છે. એ અઠ્ઠાઈયું આવ્યા પહેલાં ઘણા દિવસ અગાઉથી જ તેની અનેક જાતની વ્યાવહારિક અને ધાર્મિક તૈયારીઓ જૈન સમાજમાં થવા માંડે છે. જ્ઞાન અને ધર્મ મેળવવા તેમ જ સેવવા ગામોગામના શ્રાવકો પોતપોતાના ગામમાં ચોમાસા માટે ત્યાગીવર્ગને આમંત્રે છે અને વીનવે છે. કેટલાક પહેલેથી જ તપ કરવા માંડે છે. કેટલાક વળી તપ પાછળ અને તપની પહેલાં પારણાં તેમ જ અતરવારણાં માટેની પહેલેથી ખૂબ તૈયારીઓ અને ગોઠવણો કરે છે. એ પર્વમાં સ્વાદ અને તેના ત્યાગ બન્નેનું આરાધન એકસરખું અત્યારે જણાય છે, પણ મૂળે એ પર્વ ધર્મ અને જ્ઞાનનું છે.

જીવનમાં ધર્મ ઊતરે અને અનેક પ્રકારનું જ્ઞાન મળે તે માટે અત્યારે આ પર્વમાં ભગવાન મહાવીરનું જીવન વાંચવાની પ્રથા છે અને બાકીના વખતમાં આવશ્યક ક્રિયા વગેરે અનેક જાતની ક્રિયાઓ ગોઠવાયેલી છે. ભગવાનના જીવન માટે કલ્પસૂત્ર વાંચવા—સાંભળવાની પ્રથા છે. એ સૂત્ર બહુ મોટું નથી, પણ એની સાથે એની ટીકાઓ વંચાતી હોવાથી તે જેમ લાંબુંલચક થઈ જાય છે તેમ તેમાં પુનરુક્તિ પણ થઈ જાય છે. અતિશ્રદ્ધાળુ સિવાયના અને અતિ ધીરજવાળા સિવાયના ઘણા લોકો તેના વાચન વખતે કંટાળે છે અને ઘણા તો ઊંઘે છે. બીજી બાજુ નવીન સંસ્કાર પામેલો અને પામતો તરુણવર્ગ ફરિયાદ કરે છે કે એમાં ભગવાનના જીવનની મૂળ વસ્તુ બહુ ઓછી આવે છે અને વર્ણનો તેમ જ અલંકારોના થરો એટલા બધા આવે છે કે એ શ્રવણ માત્ર નીરસ જ નહિ, પણ અનુપયોગી જેવું થઈ જાય છે. નક્કી કરેલો ભાગ વાંચવાનો હોવાથી તે વખતે વાંચનારને ઘણીવાર એટલી ત્વરા કરવી પડે છે કે વિચારણા અને મનન માટે શ્રોતાને વખત રહેતો જ નથી. વળી માત્ર શ્રવણનું માહાત્મ્ય વધી ગયેલું હોવાથી અને એકસાથે મનન ન કરી શકાય એટલો બધો ભાગ સાંભળવા માટે લાંબો વખત બેસવું પડતું હોવાથી કોઈ શ્રોતા ભાગ્યે જ સાંભળ્યા ઉપર મનન કરે છે, અને પરિણામે સમાજમાં જેટલે અંશે શ્રવણપટુતા કેળવાઈ છે તેટલે અંશે વિચારપટુતા નથી કેળવાઈ; તેથી ઊલટું મોટે ભાગે વિચારજડતા જ દૃઢ થઈ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક વાર એક વિદ્વાન મિત્રે મને કહેલું કે જ્યારે બારસા વાંચવા લાગ્યા ત્યારે જરાય રસ ન આવવાથી મેં ધાર્મિક પુસ્તક લઈ ત્યાં જ બેસી વાંચી કાઢ્યું અને તેમાં ઘણું જાણવાનું મળ્યું. દરેક ભાઈબહેન, જે નિયમિત કલ્પસૂત્ર સાંભળતાં આવે છે તે, ભગવાનના જીવનનો કોઈ પણ પ્રસંગ પૂછવાથી તરત વર્ણવી શકે. જો તમે તે બાબત તેમને કાંઈ ઊંડાણથી પૂછો તો કાં તો એ ચિડાઈ જઈ એમ કહેશે કે એમાં પ્રશ્ન શો અને શંકા શી? અને કોઈ ધીરજવાન હશે તો ન ચિડાતાં એટલું જ કહેશે કે ત્યારે તમે જ કહો. આ વસ્તુસ્થિતિ છે. ભગવાનના અસાધારણ તપસ્વી અને જ્ઞાની તરીકેના જીવનના કોયડા એ અસાધારણ જ હોય. આપણે એને સમજવા ધાર્મિક થવું ઘટે અને વિચારક તો થવું ઘટે જ.

પર્યુષણની ચાલુ પ્રથાનો ૩૦ વર્ષનો અનુભવ મને કહે છે કે હવે વિચારવૃદ્ધિ થાય અને ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુએ ઉદારતાપૂર્વક ધર્મ અને સમાજના એક એક અંશ ઉપર વિચાર કરવામાં આવે તો જ તરુણ સમાજ અને ભાવી પેઢીને સંતોષ આપી શકાય અને બહારની દુનિયામાં જાગરિત દૃષ્ટિએ ઊભી શકાય.

આ કલ્પના તો કેટલાંયે વર્ષ અગાઉ આવેલી; એકવાર ભાવનગરમાં સન્મિત્ર કપૂરવિજયજી સમક્ષ વ્યાખ્યાન વખતે આ કલ્પના મૂકવામાં પણ આવેલી, પણ કેટલાંક કારણસર તે વખતે તેનો અમલ થઈ શક્યો નહિ. બે વર્ષ અગાઉ એક મિત્રને ત્યાં આ કલ્પનાને મૂર્તરૂપ આપવામાં આવ્યું હતું. આ વખતે અનેક મિત્રો સાથે વિચાર કરતાં બધાને એ કલ્પના પસંદ આવી. તે કલ્પના આ હતી: (૧) પ્રતિક્રમણ, પૂજન આદિ ચાલુ ક્રિયાકાણ્ડમાં રસ લેનાર તેમાં ભાગ લેવા ઉપરાંત પ્રવચનનો લાભ લઈ શકે એવી રીતે સમય ગોઠવવો. (૨) પ્રવચનો એક વાર તો ભગવાનના જીવનને અંગે જ થાય અને બીજી વાર ભિન્ન ભિન્ન વિષયો ઉપર થાય. એ વિષયો જીવનસ્પર્શી અને તાત્ત્વિક હોય. (૩) પ્રવચન માટે જાહેર વિચારકો અને વક્તાઓને આમંત્રણ આપવું અને તેમને વિચારો છૂટથી મૂકવાની તક આપવી. (૪) બની શકે ત્યાં સુધી એ પ્રવચનો લખેલાં હોય અને પ્રવચનને અંતે પ્રશ્નોત્તરી રાખવી. અનુકૂળ કે પ્રતિકૂળ પક્ષકારે છૂટથી શાંતિ અને વિચારપૂર્વક ચર્ચા કરવી.

આ કલ્પના પ્રમાણે આ વર્ષે પ્રવચનનો ક્રમ ગોઠવી ધર્મ સાથે જ્ઞાનનું પર્વ ઊજવવાની મિત્રોએ વ્યવસ્થા કરી. તે પ્રમાણે સવારે પ્રવચનો નવ વાગે હમેશાં થતાં અને બીજી વાર બપોરે કે રાતે વક્તાની અનુકૂળતા પ્રમાણે થતાં. આ વર્ષે ખાસ જાહેરાત કરવામાં આવી ન હતી. જગ્યા પણ શહેરથી દૂર

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

અને ખાનગી જ હતી, છતાં શ્રોતૃવર્ગ પ્રમાણમાં સારો એકત્ર થતો. બધા લગભગ જિજ્ઞાસુ આવતા. વિદ્વાનો ખાસ ભાગ લેતા. જૈનેતરો પણ, જેને માલૂમ પડે તે, આવતા. વિષયો પણ વ્યાપક રખાયા હતા. બોલનારાઓ પણ જાણીતા જ હતા. દૃષ્ટિ જરા પણ સંકુચિત ન રાખતાં તદ્દન ઉદાર રખાઈ હતી. તેથી ગમે તે માણસ પોતાના વિચાર છૂટથી દર્શાવે એવી તક મળી હતી.

આ તો માત્ર પ્રથમ પ્રયોગ ગણાય. અનેક વિષયો ઉપર જુદા જુદા વિચારકોએ ઉદાર ચિત્તે જે જે વિચારો જણાવ્યા તે બધાનો અહીં સંગ્રહ આપવામાં આવે છે. આમાનાં ઘણાં પ્રવચનો તે તે વક્તાઓએ લખીને જ વાંચેલાં અગર પાછળથી તેમણે પોતે જ લખીને આપેલાં છે. કેટલાકની તે વખતે નોંધ લેવાયેલી; તે ખાસ તપાસ્યા પછી અહીં આપવામાં આવે છે. આ પ્રવચનસંગ્રહ દરેક વાચકને સુલભ થાય તે માટે 'સુઘોષા'ના સંપાદકે એક ખાસ અંક કાઢવા ધાર્યો છે, તે યોગ્ય જ થયું છે. આથી નીચેનાં પરિણામો આવવાનો સંભવ છે:

(क) જે ચાલુ પ્રથામાં રસ ન લેતા હોય કે ઓછો લેતા હોય અને છતાં ધર્મપર્વ ઊજવવાનો આગ્રહ રાખતા હોય તો તેમને માટે એક જાતનું માર્ગસૂચન.

(ख) અનેક વિચારકો પાસેથી તેમના વિચારનું દોહન કરી વિચારશીલતા કેળવવી અને અનેક બાજુથી વસ્તુનો વિચાર કરવાની દૃષ્ટિ ખીલવવી; તેમ જ આવે નિમિત્તે જૈનેતર વિદ્વાનો અને શ્રદ્ધાળુઓને જૈનો સાથે મળતા કરવા અને વિચારમાં ઉદારતા આણવી.

(ग) લિખિત પ્રવચનોને લીધે કોઈ એક સ્થળે અપાયેલ પ્રવચનોનો અનેક સ્થળે ઉપયોગ થવો અને તે રીતે વિચાર તેમ જ ઉત્સાહમાં જાગ્રતિ થવી.'

—સુઘોષા, આશ્વિન ૧૯૮૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org